# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**DATE : 19.02.2026** **MORNING: 7.45 TO 7.55**
**DAY : THURSDAY** **NATIONAL NEWS**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

***************************************************

**1)** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ભારત મંડપમ ખાતે ઇન્ડિયા AI ઇમ્પેક્ટ સમિટ 2026નું ઉદ્ઘાટન કરશે.

**2)** ગૂગલ આગામી 5 વર્ષમાં 15 અબજ ડોલરના રોકાણના રૂપે નવા સબસી કેબલ દ્વારા ભારતને અમેરિકા સાથે જોડશે.

**3)** ભારત માનવતાવાદી પહેલ હેઠળ, વર્લ્ડ ફૂડ પ્રોગ્રામને બે લાખ મેટ્રિક ટન ચોખા મોકલશે.

**4)** ચૂંટણી પંચે, પશ્ચિમ બંગાળમાં SIR પ્રક્રિયામાં દસ્તાવેજ ઓનલાઈન અપલોડ કરવામાં નિષ્ફળ રહેનારા અધિકારીઓને કારણદર્શક નોટિસ અપાશે.

**5)** મહિલા ક્રિકેટમાં, ભારત આજે T20 આંતરરાષ્ટ્રીય મેચ ઓસ્ટ્રેલિયા સામે રમશે.

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM AI IMPACT SUMIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ભારત મંડપમ્ ખાતે ઇન્ડિયા AI ઇમ્પેક્ટ સમિટ 2026નું આજે ઉદ્ઘાટન કરશે. ઉદ્ઘાટન સમારોહમાં ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ, સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ અને વિશ્વભરના વિવિધ ટોચના ઉદ્યોગ નેતાઓને પણ સંબોધિત કરશે.

સાંભળીએ એક અહેવાલ

## બાઇટ - આનંદ કુમાર પી.એમ .

આજે શરૂ થનારી આ સમિટમાં વિશ્વના વિવિધ દેશ અને તેના પ્રતિનિધિઓ ભાગ લેશે.

---

# INDIA AI IMPACT SUMMIT

ઇન્ડિયા AI ઇમ્પેક્ટ સમિટના ઉદ્ઘાટન પહેલા , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઇકાલે ભારત મંડપમ ખાતે સમિટમાં ભાગ લેનારા વૈશ્વિક નેતાઓ સાથે સંખ્યાબંધ દ્વિપક્ષીય બેઠકો યોજી હતી.

સાંભળીએ એક અહેવાલ

## બાઇટ -મુકેશ પી.એમ.

વિશ્વ નેતાઓનું ભારતીય સંગીત અને નૃત્ય સાથે સ્વાગત સ્થળ પર જ કરાયું. શ્રી મોદીએ વૈશ્વિક નેતાઓ માટે રાત્રિભોજનનું પણ આયોજન કર્યું હતું.

---

# INDIA AI IMPACT GOOGLE

ઇન્ડિયા **AI** ઇમ્પેક્ટ સમિટમાં, ગૂગલે જાહેરાત કરી છે કે, તે પાંચ વર્ષમાં **15** અબજ ડોલરના રોકાણના ભાગ રૂપે નવા સબસી કેબલ દ્વારા ભારતને અમેરિકા સાથે જોડશે. ભારતને સિંગાપોર, દક્ષિણ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા સાથે જોડતા ત્રણ નવા સબસી પાથ અને ચાર વ્યૂહાત્મક ફાઇબર-ઓપ્ટિક રૂટ પણ સ્થાપિત કરવામાં આવશે.

## બાઇટ -સુંદર પીચાઈ

નવી દિલ્હીમાં ઇન્ડિયા એઆઈ ઇમ્પેક્ટ સમિટમાં ગૂગલના સીઈઓ સુંદર પિચાઈએ આ મુજબ જણાવ્યું હતું.

---

# AI SYSTEM

નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાઈ રહેલા ઈન્ડિયા **AI** ઈમ્પેક્ટ સમિટ **2026**ને ધ્યાનમાં રાખીને ઇલેક્ટ્રોનિક્સ અને ઇન્ફર્મેશન ટેકનોલોજી મંત્રાલયે વ્યવસ્થાપન માટે પરિપત્ર બહાર પાડ્યો છે.

આ પરિપત્રમાં  નોંધાયેલા પ્રતિનિધિઓ માટે સુધારેલી પ્રવેશ વ્યવસ્થા અને સુરક્ષા પ્રોટોકોલની રૂપરેખા આપવામાં આવી છે. ભારત મંડપમ ખાતેનો એક્સ્પો એરેના નોંધાયેલા અને એક્સ્પો પ્રતિનિધિઓ માટે બંધ રહેશે, અને કન્વેન્શન સેન્ટરમાં પ્રવેશ ફક્ત આમંત્રણ દ્વારા જ થશે.

આમંત્રિતો, વક્તાઓ અને ઉપસ્થિતો સહિત તમામ નોંધાયેલા પ્રતિનિધિઓને સંશોધિત ઍક્સેસ પ્રોટોકોલનું કડક પાલન કરવા અને સમિટનું સુગમ સંચાલન સુનિશ્ચિત કરવા માટે સુરક્ષા અને ટ્રાફિક કર્મચારીઓ સાથે સહયોગ કરવા વિનંતી કરવામાં આવી છે.

---

# FRANCE - VISA

ઇન્ડિયા AI ઇમ્પેક્ટ સમિટમાં ભાગ લેવા પહોંચેલા ફ્રાંસે સમિટ પહેલાના ચર્ચા સત્રમાં ભારતીય વિદ્યાર્થીઓ માટે ખાસ વિઝાની જાહેરાત કરી. AI સમિટમાં વિશ્વભરના ટોચના વિવિધ દેશ ભાગ લઈ રહ્યા છે

ત્યારે ફ્રાંસ ભારતીય વિદ્યાર્થીઓ માટે વિઝા નીતિમાં વધુ સરળ અને ઝડપી બનાવવાની જાહેરાત કરી.

બાઇટ -ફ્રાંસ -વિદ્યાર્થી

વિશ્વના અનેક દેશ આ સમિટમાં ભારત સાથે અનેક કરાર કરે તેવી આશા સેવાઇ રહી છે. જેથી ભારતીય વિધાર્થીઓને અનેક દેશમાં અભ્યાસ કરવાની તક મળશે.

---

# TRUMP - BOARD OF PEACE

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ આજે શાંતિ બોર્ડની બેઠકનું અધ્યક્ષપદ સંભાળશે. વ્હાઇટ હાઉસના પ્રેસ સચિવ કેરોલિન લેવિટે જણાવ્યું કે, બેઠકમાં 20 સભ્ય દેશો દ્વારા ગાઝા માટે 5 અબજ ડોલરની સહાય રકમ અંગે જાહેરાત કરાશે.

તેમણે કહ્યું,આ બેઠકમાં ઇઝરાયલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે ગાઝામાં સુરક્ષા જાળવવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. શ્રી ટ્રમ્પ પુનર્નિર્માણ પ્રયાસોની જાહેરાત કરશે અને ગાઝાવાસીઓ માટે સુરક્ષા અને શાંતિ જાળવવા આંતરરાષ્ટ્રીય સ્થિરીકરણ દળ અને સ્થાનિક પોલીસ માટે હજારો કર્મચારીઓને મોકલશે.

---

# FCI AND WFP

ફૂડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા **(FCI)** અને વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ **(WFP)** એ ભૂખમરા સામે લડવાના ઉદ્દેશ્યથી વૈશ્વિક માનવતાવાદી કામગીરીને ટેકો આપવા માટે ચોખાના પુરવઠા માટે સમજૂતી કરાર **(MOU)** પર હસ્તાક્ષર કર્યા છે.

કેન્દ્રીય ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયે માહિતી આપી છે કે **FCI** આ **MOU** હેઠળ **WFP** ને બે લાખ મેટ્રિક ટન ચોખા સપ્લાય કરશે.

ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગના સચિવ સંજીવ ચોપરાએ જણાવ્યું હતું કે આ કરાર કોઈ પણ ભૂખ્યું ન રહે તે સુનિશ્ચિત કરવાના દેશના સંકલ્પને દર્શાવે છે. કુપોષણ અને ખાદ્ય અસુરક્ષા સામે લડવામાં ભારત આંતરરાષ્ટ્રીય સમુદાય સાથે ઉભું રહેશે, એમ તેમણે ઉમેર્યું.

આ ભાગીદારી વૈશ્વિક ખાદ્ય સુરક્ષા પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે, વિશ્વભરમાં માનવતાવાદી જરૂરિયાતોને સંબોધવામાં **WFP** સાથે સહયોગને મજબૂત બનાવે છે અને વૈશ્વિક ખાદ્ય પ્રણાલીઓમાં વિશ્વસનીય અને જવાબદાર યોગદાન આપનાર તરીકે ભારતની ભૂમિકાને મજબૂત બનાવે છે.

---

# WB-ECI

ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળમાં હાલમાં ચાલી રહેલી મતદાર યાદીની ખાસ સઘન સુધારણા - SIR પ્રક્રિયા હેઠળ મોટી સંખ્યામાં મતદારોના દસ્તાવેજો ઓનલાઈન અપલોડ કરવામાં નિષ્ફળ રહેવા બદલ સંબંધિત ચૂંટણી નોંધણી અધિકારીઓને કારણદર્શક નોટિસ જાહેર કરવાનો નિર્ણય લીધો છે.

અધિકારીઓના જણાવ્યાં મુજબ રાજ્યમાં સુનાવણી પૂર્ણ થયાના ચાર દિવસ બાદ પણ લગભગ એક લાખ પંદર હજાર દસ્તાવેજો હજુ સુધી અપલોડ કરવાના બાકી છે. નિકાલ પ્રક્રિયા પણ ધીમી ગતિએ ચાલી રહી છે, અને કેટલાક વિસ્તારોમાં નિષ્ફળતાઓ નોંધાઈ છે. આ કારણોને ટાંકીને, પંચે કારણદર્શક નોટિસ અપાશે.

---

# WOMEN'S T20 CRICKET

મહિલા ક્રિકેટમાં, ભારત આજે કેનબેરા ખાતે ત્રણ મેચની શ્રેણીની બીજી T20 આંતરરાષ્ટ્રીય મેચમાં ઓસ્ટ્રેલિયા સામે રમશે. આ મેચ ભારતીય સમય મુજબ બપોરે 1 વાગીને 45 મિનિટે શરૂ થશે.

ગત રવિવારે સિડનીમાં રમાયેલી પહેલી મેચમાં ભારતે DLS પદ્ધતિ હેઠળ ઓસ્ટ્રેલિયાને નવ વિકેટથી હરાવ્યું હતું.

---

# RAMADAN

મુસ્લિમ સમુદાયના પવિત્ર મહિના રમઝાનનો આજથી પ્રારંભ થયો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પવિત્ર રમઝાન મહિનાની શરૂઆત પર લોકોને શુભેચ્છા પાઠવી છે.

સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ 'રમઝાન મુબારક' કહ્યું અને આશા વ્યક્ત કરી કે આ પવિત્ર મહિનો સમાજમાં એકતાની ભાવનાને વધુ મજબૂત બનાવશે. તેમણે કે સર્વત્ર શાંતિ અને સમૃદ્ધિ રહેશે.

---

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે, કરણ મકવાણા

1. આજના મોટાભાગના અખબારોમાં નાણામંત્રી કનુ દેસાઇએ વિભાનસભામાં રજૂ કરેલા અંદાજપત્ર અંગેના સમાચાર મુખ્ય શીર્ષકમાં વાંચવા મળી રહ્યા છે.
2. નવ ગુજરાત સમયનું મુખ્ય શીર્ષક છે – વિકસિત ગુજરાતનું લક્ષ્ય : પાંચ સ્તંભો અને ગ્યાન આધારિત 4.08 લાખ કરોડનું બજેટ
3. સંદેશનું મુખ્ય શીર્ષક છે – ગુજરાતનું 4.08 લાખ કરોડનું બજેટ – 210 કરોડની રાહત જાહેર
4. દિવ્ય ભાસ્કરે સરકારનો સ્પ્નોત્સવ આ મથાળા હેઠળ બજેટના સમાચારને પ્રકાશિત કર્યા છે
5. આ ઉપરાંત ગલગોટિયા યુનિ. AI સમિટમાંથી બહાર અને રાજ્યસભાની 37 બેઠક માટે 16 માર્ચે ચૂંટણી સહિતના સમચાર પહેલા પાને વાંચવા મળી રહ્યાં છે.
6. સુરતમાં બિલ વગરના 575 કરોડના સોના ચાંદી વેચનારની ધરપકડ – આ સમાચારને ફૂલછાબે છેલ્લા પાને સ્થાન આપ્યું છે.